ફેક્સ : (૦૭૯) ૨૬૩૦૨૬૫૪
ટેલિફોન : ૨૬૩૦૧૩૪૧-૨૬૩૦૦૩૪૨-૪૩
૨૬૩૦૦૧૨૬

Fax : (079) 26302654
Telephone : 26301341-26300342-43
26300126

# ગુજરાત યુનિવર્સિટી
# GUJARAT UNIVERSITY
www.gujaratuniversity.org.in

ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
પોસ્ટ બોક્સ નં ૪૦૧૦,
નવરંગપુરા, અમદાવાદ - ૩૮૦ ૦૦૯

Office of the Gujarat University,
Post Box No 4010,
Navarangpura, Ahmedabad - 380 009

નં.એકેડેમિક/૬૦૩૦૮/૨૦૧૮ તા.૧૭/૦૧/૨૦૧૮

પરિપત્ર

અત્યંત તાકીદનું -અગત્યનું ...

પ્રતિ,

ગુજરાત યુનિવર્સિટી સાથે સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાશ્રીઓ તરફ..

વિષયઃ વર્ષ ૨૦૧૮-૨૦૨૧ માટે વિવિધ વિષયોના અભ્યાસક્રમ સમિતિઓની રચના અંગે.

શ્રીમાન,

આદેશ અનુસાર ઉપરોક્ત વિષય અન્વયે ગુજરાત યુનિવર્સિટી સંલગ્ન કોલેજોના આચાર્યશ્રીઓ તથા માન્ય સંસ્થાઓના વડાશ્રીઓને જણાવવાનું કે વર્ષ ૨૦૧૫-૨૦૧૮માટે રચાયેલી વિવિધ વિષયોની અભ્યાસ સમિતિઓની મુદ્દત પુરી થવામાં હોય વર્ષ ૨૦૧૮-૨૦૨૧માટે નવી અભ્યાસ સમિતિઓની રચના કરવાની થાય છે.જે કામ માટે આ સાથે સામેલ પત્રક મુજબની માહિતી સંલગ્ન કોલેજો તથા માન્ય સંસ્થાઓ પાસેથી મંગાવવામાં આવે છે.જેની સોફ્ટકોપી ગુજરાત યુનિવર્સિટી વેબસાઇટ પરથી મેળવવી તથા ઇ-મેઇલ (bos2018gu@gmail.com)દ્વારા તેમજ પ્રમાણિત હાર્ડકોપી એમ બન્ને મોકલવાની રહેશે.આગામી ૨૦૧૮ થી ૨૦૨૧ની અભ્યાસ સમિતિઓની રચના અંગેના શેડ્યુલ-(ii) સ્ટેચ્યુટ-4ની કંડીકા(ii) તથા ગુજરાત યુનિવર્સિટીની ધારાની કલમ 2(3B)માં વિભાગના વડા(Head of Department)ની તથા કલમ 2(3AA)માં વિભાગ(Department)ની વ્યાખ્યા આપવામાં આવી છે, નીચે મુજબ છે.જે સ્વયં સ્પષ્ટ છે.

4(ii)"Persons not exceeding such numbers as may be determined by the Vice-Chancellor to be appointed by the faculties,by rotation, out of heads of departments of the affiliated colleges and recognized institutions where the subject pertaining to the board is taught for degree course in the final year:"

(3B) "Head of Department " means a teacher principally responsible for instruction,training or research in a department:

(3AA) "Department" means a department designated as such by ordinances with reference to a subject or a group of subjects:

ઉપરાંત Statute 108 તથા Ordinance 161ની નકલ પણ સામેલ છે.જેના અનુસંશાનમાં આ સાથેના સામેલ ફોર્મેટ મુજબની વિષયવાર જુદી-જુદી માહિતી આ કાર્યાલયને તા.૨૬-૦૨-૨૦૧૮ સુધીમાં પુરી પાડવાની રહેશે.ત્યારબાદ આવેલ વિગતો સ્વીકારવામાં આવશે નહી,જેની નોંધ લેવા વિનંતી છે.

આપનો વિશ્વાસુ,

કા.કુલસચિવ

બીડાણઃ

(૧) માહિતી મોકલવા માટેનું નમૂના પત્રક

(૨) Statute 108 તથા Ordinance 161ની નકલ

(૩) ક્રેડીટગુણ ગણવાના નિયમો દર્શાવતુ પત્રક

નોંધ:Soft Copy ફોર્મેટ નીચે મુજબનું રાખવું.

File type:Microsoft Excel File
Font Type :Times New Roman
Language: English
Font Size: 12

**Statute 108:**
The following Boards of Studies may be constituted under the provisions of **Section 25(1):**
**Faculty of Arts.**

1. Gujarati.
2. Marathi.
3. Hindi.
4. Sindhi.
5. Bengali.
6. English.
7. Modem European Languages: German and French.
8. Sanskrit.
9. Prakrit and Pali.
10. Persian. Arabic and Urdu.
11. Avesta and Pahlavi.
12. History, Archaeology, Epigraphy and Numismatics.
13. Political Science.
14. Sociology and Anthropology.
15. Logic, Philosophy and Political Philosophy.
16. Psychology.
17. Indian Culture (Ancient, Mediaeval and Modern) and Eastern Culture.
18. Home Science.
19. Physical Education.
20. Journalism.
21. Fine Arts.
22. Library Science.
23. Linguistics.

**Faculty of Education.**

24. Education.

**Faculty of Science.**

25. Physics.
26. Chemistry.
27. Botany.
28. Zoology.
29. Microbiology.
30. Bio-Chemistry.
31. Life-Sciences.

**Faculty of Technology including Engineering.**

32. Civil Engineering.
33. Mechanical Engineering.
34. Electrical Engineering.
35. Chemical Engineering.

**Faculty of Law.**

36. Board of Studies in jurisprudence. International Law (Private and Public). Constitutional law.
37. Board of Studies in Crimes. Law of Obligation (i.e. Torts. Contracts and Labour Laws).
38. Board of Studies in Law of Property and Personal Laws. Taxation Laws.

**Faculty of Medicine.**

39. Pre-Clinical Subjects Comprising Anatomy, Physiology, Pharmacology and Pathology.
40. Medicine, comprising medicine, Preventive Medicine and Forensic Medicine, Surgery, comprising Surgery, Ophthalmology, Midwifery and Gynaecology.
41. Nursing.

**Faculty of Commerce.**

42. Commerce.
43. Accounting including Costing.
44. Actuarial Science and Statistics.

**Faculties of Arts and Commerce.**

45. Labour Welfare.
46. Economics.
47. Co-operation.

**Faculties of Arts, Education, Science and Commerce.**

48. Geography.
49. Statistics.
50. General Education.
51. Computer Science-Applications.

**Faculties of Arts, Education and Technology including Engineering.**

52. Town Planning and Architecture.

**Faculties of Arts, Education, Science, Commerce and Technology including Engineering.**

53. Mathematics.

**Faculties of Arts, Education, Commerce and Technology including Engineering**

54. Business Management.

**Faculties of Science & Technology including Engineering**

55. Geology.

**Faculty of Dentistry**

56. Dental Surgery.

**O.161 :**

Department of a college means any department of a college affiliated to this University responsible for instruction and training in each of the subjects or group of subjects mentioned below:

I. For the Principal or Special subject taught at the final: Year of the degree Class in the Colleges in the Faculties of Arts Including Education taught in the Arts and Science colleges respectively:

II. "Education" in a college of Education:

III. Economics . Commerce, Business Administration and an optional subject taught in the final year of the degree class in a college in the faculty of Commerce:

IV. (a) Jurisprudence, International Law(Private and Public),Constitutional Law.
(b) Crimes, Law of Obligation (i.e. Torts, Contracts and Labour Laws), and
(c) Law of Property and Personal law, Taxation Laws in the Faculty of "Law":

V. Civil Engineering ,Mechanical Engineering ,Electrical Engineering and Chemical Engineering in the Faculty of technology including Engineering:

VI. (a) Preclinical subjects comprising Anatomy , physiology, Pharmacology and Pathology: (b)medicine comprising Medicine ,Preventive Medicine and Forensic Medicine, Surgery, Comprising Surgery ,Ophthalmology , Midwifery and Gynaecology:

VII. Pharmacy, Comprising Pharmaceutical Technology, Pharmaceutical Microbiology and Biochemical Engineering, Pharmaceutical Chemistry Pharmacognosy, Physiology, Pharmacology, Bioassay, Pharmacy Management and Drug Marketing in the faculty of Pharmacy :and

VIII. Dental Surgery in the Faculty of Dental Surgery.

IX. "Department" of a Recognised Institution means any Department of the Recognised institution responsible for research in a subject or subjects for which it is recognised.

# ગુજરાત યુનિવર્સિટી

## શિક્ષકોના ક્રેડીટ ગુણાંક ગણવાનું સુધારેલ (Revised) ધોરણ

1. શૈક્ષણિક લાયકાતઃ

| ક્રમ | ડિગ્રી | પાસ ક્લાસ | સેકન્ડ ક્લાસ | ફર્સ્ટ ક્લાસ | ક્લાસની જોગવાઇ ન હોય ત્યાં |
|---|---|---|---|---|---|
| ૧ | બેચલર ડિગ્રી | ૦૧ | ૦૨ | ૦૩ | - |
| ૨ | માસ્ટર ડિગ્રી | ૦૧ | ૦૨ | ૦૩ | - |
| ૩ | ડી.એમ.ઇ | ૦૧ | ૦૨ | ૦૩ | - |
| ૪ | પી.એચ.ડી | - | - | - | ૦૪ |
| ૫ | એમ.ફીલ | - | - | - | ૦૨ |
| ૬ | સી.એ | - | - | - | ૦૩ |
| ૭ | આઇ.સી.ડબલ્યુ.એ | - | - | - | ૦૩ |
| ૮ | ચાર્ટર્ડ સેક્રેટરી | - | - | - | ૦૩ |

2. કોલેજમાં કે યુનિવર્સિટી ભવનોમાં પ્રત્યેક વર્ષના શૈક્ષણિક અનુભવ માટે એક ગુણાંક આપવો.
3. શિક્ષણ વિદ્યાશાખામાં કામ કરતા શિક્ષકને બી.એડ.પરીક્ષાના ક્રેડિટ ગુણ ગણવા માટે બી.એડ.પદવી પ્રાપ્ત કર્યા પછીના માધ્યમિક શાળામાં અધ્યાપક તરીકેના શિક્ષણના અનુભવના પ્રત્યેક વર્ષ દીઠ એક અને વધુમાં વધુ પાંચ ગુણાંક આપવા.
4. એક વ્યક્તિએ મેળવેલ સ્નાતક અને અનુસ્નાતક કે પી.એચ.ડી.પદવીના ગુણાંક ઉપર પ્રમાણે ગણવા.બે વખત સ્નાતક હોય,અનુસ્નાતક હોય અથવા પી.એચ.ડી કે એલ.એલ.બી હોય તો તેને ધ્યાનમાં લેવી નહી.
5. (અ) માન્ય અનુસ્નાતક શિક્ષક/મદદનીશ શિક્ષકને તેને માન્યતા મળે તે પછીના પ્રત્યેક પૂરા વર્ષ દીઠ એક,પણ વધુમાં વધુ એવા પાંચ ગુણાંક આપવા.

   (બ) યુનિવર્સિટીના ભવનોમાં સેવા આપતા તમામ શિક્ષકોને માન્ય અનુસ્નાતક સંસ્થામાં કામ કરતા શિક્ષકોની જેમ તેમની થયેલ નિમણૂંકના વર્ષ પછીના પ્રત્યેક પૂરા વર્ષ દીઠ એક,પણ વધુમાં વધુ એવા પાંચ ગુણાંક આપવા.
6. (અ) પી.એચ.ડીની પદવી જે વિષયમાં પ્રાપ્ત કરી હોય તે જ વિષય માટે શિક્ષકે પરીક્ષક થવા અરજી કરી હોય તો જ તેને પી.એચ.ડીની પદવી માટેના ચાર ગુણાંક આપવા.

   (બ) શિક્ષણની કોલેજોમાં કામ કરતા શિક્ષકોને કોઇપણ વિષયમાં મેળવેલ પી.એચ.ડી ડીગ્રીને ગ્રાહ્ય ગણી તેના ચાર ગુણાંક આપવા.
7. જો કોઇ શિક્ષક પી.એચ.ડી ગાઇડ તરીકે માન્ય થયેલ હોય અને વિદ્યાર્થીનો મહાનિબંધ તેમના માર્ગદર્શન હેઠળ પી.એચ.ડી પદવી માટે સ્વીકૃત થયો હોય તોતેવા પ્રત્યેક વિદ્યાર્થી દીઠ એક ગુણ અને એવા વધુમાં વધુ ચાર ગુણાંક આપવા.
8. સી.એની પદવી ધરાવનાર શિક્ષકને ઉપર ૧માં જણાવ્યા પ્રમાણે ત્રણ ગુણાંક આપવા.તદ્દઉપરાંત તેમને ત્રણ કે ત્રણથી વધારે વર્ષનો કાર્યાનુભવ (Professional Standing) હોય તો તે માટે બે ગુણાંક વધુ આપવા.
9. આઇ.સી.ડબલ્યુ.એ અને ચાર્ટર્ડ સેક્રેટરીની પદવી ધરાવનાર શિક્ષકને ઉપર ૮માં જણાવ્યા પ્રમાણે સી.એની માફક ગુણાંક આપવાના રાખવા.
10. ઉપર જણાવેલ સી.એ,આઇ.સી.ડબલ્યુ.એ કે ચાર્ટર્ડ સેક્રેટરીની પદવી ધરાવનાર શિક્ષક જો તેઓ એમ.કોમની પદવી ધરાવતા હોય,તો તેમને ઉપર ૧માં જણાવ્યા મુજબ માસ્ટર ડિગ્રીના પણ ગુણાંક આપવા.
11. ડોક્ટરની પદવી મેળવ્યા પછી જો કોઇ વ્યક્તિએ રીસર્ચફેલો તરીકે શિક્ષણકાર્ય કર્યુ હોય તો જે સમય માટે આ કામ કર્યુ હોય તે સમયનો તેમનો શિક્ષણનો અનુભવ ગ્રાહ્ય ગણીને તે અનુભવના પ્રત્યેક વર્ષ દીઠ એક ગુણાંક અને વધુમાં વધુ ત્રણ ગુણાંક આપવા.
12. જો કોઇ શિક્ષકને પરીક્ષાના કામકાજમાં ગેરરીતિ અજમાવવાના કારણે એક કે વધુ વર્ષ માટે પરીક્ષકની નિમણૂંક માટે અપાત્ર ગણવામાં આવેલ હોય તો જેટલા વર્ષ માટે તેમને અપાત્ર ગણવામાં આવ્યા હોય તેટલા આંકડાને એ બે વડે ગુણીને જે રકમ આવે તેટલા ગુણાંક તેમના કુલ ક્રેડિટ ગુણાંકમાથી બાદ કરવા.
13. જો કોઇ શિક્ષકને પરીક્ષાના કામકાજમાં ગેરરીતિ અજમાવવાના કારણે એક કે વધુ વર્ષ માટે પરીક્ષકની નિમણૂંક માટે અપાત્ર ગણવામાં આવેલ હોય તો તેવા શિક્ષકને પ્રાશ્નિક તરીકે નિમવા નહી.

   ૧. કુલપતિશ્રીએ નિમેલ સમિતિની તા.૧૧-૦૯-૧૯૮૪ની સભાની ભલામણ.

   ૨. એક્ઝિક્યુટીવ કાઉન્સિલની સભા તા.૦૧-૧૨-૧૯૮૪(૫૦)થી મંજૂર.

---

College Code: ____________ College Name: ____________

Subject: ____________

| Name of Subject as per Statute 108 | Name of Head of Department related to the college as per O.161 | Address of Head of Department | Mobile No. Head of Department | E-mail ID Head of Department | Phone (O) ( R)Head of Department | Subject-Department Name | Educational Expirence till June 2017(Total Year) | Date of Retirement | Total Credit Marks | Remarks: Year of Priviously Board member (if any) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | | | | |

Undertaking: I here by declare that above details are true and as per the college Records.

Place: ____________

Date:

Stamp & Signature of HOD

Stamp & Signature of principal

અગત્યની નોંધ:

૧. આ નમુના મુજબ પ્રોફોર્મા બનાવી માહિતી મોકલવી.

૨. દરેક વિષય માટે અલગ-અલગ પત્રક ભરીને મોકલવું.

૩. આ માહિતી તા. ૨૬/૦૨/૨૦૧૮ સુધીમાં મોકલી આપવાની રહેશે.જેથી નવી અભ્યાસ સમિતીઓની રચનામાં કોઇ અન્યાય ન થાય.

૪. Statute 108 તથા Ordinance 161નો પુરો અભ્યાસ કર્યા બાદ આ ફોર્મ ભરવાનું રાખશો.

૫. પદવીના અંતિમ વર્ષમાં મુખ્ય વિષય અને સ્પેશિયલ વિષય શિખડાવવામાં આવતા હોય તે વિષય,વિભાગના વડા દર્શાવવા.